સૌનું કરો કલ્યાણ દયાળુ પ્રભુ, સૌનું કરો કલ્યાણ. નર-નારી-પશુ-પક્ષીની સાથે, જીવજંતુનું તમામ

## રાજ્યમાં વધુ ૧૦૩૪૦ નવા કેસ : ગાંધીનગરમાં ૧૫૦ : અમદાવાદમાં ૩૬૪૧

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૮ | ૧૯ એપ્રિલ, ૨૦૨૧, સોમવાર; ચૈત્ર સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં ઉતાવળે લોકડાઉન નહીં : ગૃહમંત્રી

## અમીત શાહે દેશમાં હાલની કોરોના સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી : વૈજ્ઞાનિકો જરૂરી રિસર્ચ કરી રહ્યા છે, જલદી સફળ થશે

નવી દિલ્હી,તા.૧૮

ભારતમાં જે રીતે કોરોનાના કેસ વધી રહ્યા છે ત્યારે હવે કડકમાં કડક નિયંત્રણ દ્વારા કાબૂ મેળવી શકાય તેવી ચર્ચાઓ શરુ થઈ ગઈ છે. બીજી તરફ અગાઉના લોકડાઉનના કારણે ઘણાં વેપારીઓ અને પરિવારોની કમર તૂટી ગઈ હતી હતી જેના લીધે લોકડાઉન અંગે હાલ નિર્ણય લેવા અંગે ટાળવામાં આવી રહ્યું છે. આ અંગે ઈન્ડિયન એક્સપ્રેસને આપેલા ઈન્ટરવ્યુમાં દેશના ગૃહમંત્રી અમિત શાહે મહત્વની વાત કરી છે. શનિવારે ભારતમાં ૨,૬૧,૫૦૦ કોરોનાના નવા પોઝિટિવ કેસ નોંધાયા છે જ્યારે બીજી તરફ ૧૫૦૧ લોકોએ ૨૪ કલાકમાં કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે. આવી સ્થિતિમાં લોકડાઉન એકમાત્ર વિકલ્પ હોવાની ચર્ચાઓ ઉઠી રહી છે. જોકે, અમિત શાહે ઈન્ટરવ્યુમાં સ્પષ્ટતા કરી છે કે દેશમાં ઉતાવળે લોકડાઉન નહીં લગાવવામાં આવે અને હાલ તેવી કોઈ સ્થિતિ દેખાઈ રહી નથી. ઈન્ડિયન એક્સપ્રેસને આપેલા ઈન્ટરવ્યુમાં અમિત શાહને પૂછવામાં આવ્યું હતું કે, પાછલા વર્ષની જેમ કોરોના પર કાબૂ મેળવવા માટે લોકડાઉન વિકલ્પ છે? જવાબમાં શાહે કહ્યું કે, અમે ઘણાં સ્ટેકહોલ્ડર્સ સાથે ચર્ચા કરી રહ્યા છીએ. જેવી સ્થિતિ નથી દેખાઈ રહી. એક અન્ય સવાલમાં તેમને પૂછવામાં આવ્યું કે, પહેલી લહેર દરમિયાન ઘણી પહેલ કરવામાં આવી હતી. ઈમર્જન્સી દરમિયાન જરુરી વસ્તુઓ હવે શા માટે નથી? તેના પર તેમણે



શરુઆતમાં લોકડાઉનનો ઉદ્દેશ્ય અલગ હતો. અમે બેસિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સારવારની રેખા તૈયાર કરવા માગતા હતા. ત્યારે અમારી પાસે કોઈ દવા કે રસી નહોતા. હવે સ્થિતિ અલગ છે. આમ છતાં અમે મુખ્યમંત્રીઓ સાથે ચર્ચા કરી રહ્યા છીએ. સામાન્ય સહમતી જે હોય, તેના પ્રમાણે આગળ વધીશું. પરંતુ ઉતાવળમાં લોકડાઉન લગાવવા કહ્યું, આ સાચું નથી. મુખ્યમંત્રીઓ સાથે બે બેઠક થઈ અને હું પણ હાજર હતો. હાલમાં રાજ્યપાલો સાથે બેઠક થઈ હતી. આ સાથે રસીકરણ મુદ્દે વૈજ્ઞાનિકો સાથે ચર્ચા થઈ હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. શાહે મેડિકલ પ્રોટોકોલમાં સુધાર માટે થયેલી બેઠક વિશે જણાવ્યું. ગૃહમંત્રીએ એમ પણ કહ્યું કે, "કોરોના સામે લડવા માટે સંપૂર્ણ તૈયારી કરાઈ રહી છે.

# એક દિવસમાં નવા ૨૬૧૫૦૦ કેસ

## ભારતમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૧૮૦૧૩૧૬ પર પહોંચી, જે દેશના કુલ કેસની સામે ૧૨.૧૮% થાય છે

નવી દિલ્હી, તા.૧૮

ભારતમાં કોરોના વાયરસના કેસ રોકેટ ગતિએ વધી રહ્યા છે. વધતા કેસની સાથે દરરોજ નવા રેકોર્ડ પણ નોંધાઈ રહ્યા છે. ભારતમાં પહેલીવાર એક જ દિવસમાં ૨,૬૧,૫૦૦ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે, જેની સાથે કુલ કેસની સંખ્યા ૧,૪૭,૮૮,૧૦૯ થઈ ગઈ છે. ભારતમાં ૨૪ કલાકમાં કોરોનાના કારણે ૧,૫૦૦ કરતા વધુ (૧,૫૦૧) દર્દીઓના જીવ ગયા છે. આ સાથે દેશમાં કોરોનાથી થનારા મૃત્યુનો કુલ આંકડો ૧,૭૭,૧૫૦ પર પહોંચી ગયો છે. રવિવાર (આજનો દિવસ) દેશનો ૩૯મો એવો દિવસ છે કે જયારેથી કોરોનાના કેસમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. ભારતમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૧૮,૦૧,૩૧૬ પર પહોંચી ગઈ છે, જે દેશના કુલ કેસની સામે ૧૨.૧૮% થાય છે, સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે કોરોનાને હરાવીને સાજા થયેલા દર્દીઓની ટકાવારી ઘટીને ૮૬.૬૨% પર પહોંચી છે. દેશમાં અત્યાર સુધીમાં કોરોનાને હરાવીને સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૧,૨૮,૦૯,૬૪૩ પર પહોંચી ગઈ છે. જ્યારે કુલ કેસની સામે મૃત્યુ પામેલા દર્દીઓની ટકાવારી ૧.૨૦% થાય છે. ભારતમાં કોરોના પર કાબૂ મેળવવા માટે અલગ-અલગ રાજ્યો દ્વારા વિવિધ પગલા ભરવામાં આવી રહ્યા છે આમ છતાં સતત દરરોજના કેસમાં અને મૃત્યુઆંકમાં વધારો જ નોંધાઈ રહ્યો છે. બીજી તરફ આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને પાછલા વર્ષની જેમ લોકડાઉનનું કડક પગલું ભરવાનું ટાળવામાં આવી રહ્યું છે. ભારતમાં કોરોના વાયરસના ૨૦ લાખ કેસ ૭ ઓગસ્ટના રોજ થયા હતા, આ પછી ૨૩ ઓગસ્ટે ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરે ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખ પર પહોંચી ગયા હતા. આ પછી ૬૦ લાખ પહોંચતા ૨૮ સપ્ટેમ્બર સુધીનો ટૂંકો સમય લાગ્યો હતો. જે પછી ૧૧ ઓક્ટોબરે ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરે ૮૦ લાખ, ૨૦ નવેમ્બરે ૯૦ લાખ અને ૧૯ ડિસેમ્બરે કોરોનાના કુલ કેસનો આંકડો ૧ કરોડને પાર થઈ ગયો હતો. આજની તારીખમાં કુલ આંકડો દોઢ કરોડને પાર થઈ જશે.

# JEE Main પરીક્ષાનું એપ્રિલ સત્ર પણ સ્થગિત

## શિક્ષણ મંત્રાલયે કહ્યું કે, તારીખો અને પરીક્ષાની જાહેરાતની વચ્ચે સ્ટુડન્ટ્સને ૧૫ દિવસનો સમય મળવો જોઈએ

નવી દિલ્હી, તા.૧૮

સંયુક્ત પ્રવેશ પરીક્ષા (જેઈઈ) મુખ્ય ૨૦૨૧ એપ્રિલ સત્રને સ્થગિત કરી દેવામાં આવી છે. કેન્દ્રીય મંત્રી રમેશ પોખરિયાલ નિશંકએ રવિવારે જણાવ્યું કે ૨૭થી ૩૦ એપ્રિલની વચ્ચે યોજાનારી એન્જિનિયરિંગની પ્રવેશ પરીક્ષા જેઈઈ-મેઈન્સને સ્થગિત કરી દેવામાં આવી છે. શિક્ષણ મંત્રી નિશંકે પરીક્ષા સ્થગિત કરવાની ઘોષણા કરતાં કહ્યું કે, આપણા સ્ટુડન્ટ્સ અને તેમની શૈક્ષણિક કારકિર્દીની સુરક્ષા શિક્ષણ મંત્રાલય અને મારી મુખ્ય ચિંતાઓ છે. ટૂંક સમયમાં જ નવી તારીખોની જાહેરાત કરવામાં આવશે. શિક્ષણ મંત્રાલયે કહ્યું કે, તારીખો અને પરીક્ષાની જાહેરાતની વચ્ચે સ્ટુડન્ટ્સને ૧૫ દિવસનો સમય મળવો જોઈએ. એપ્રિલ સેશનમાં માત્ર પેપર ૧ની પરીક્ષા યોજાવાની હતી. એન્જિનિયરિંગ કોલેજોમાં માત્ર બીઈ અને બીટેકમાં દાખલ કરવામાં આવે છે. બીજી તરફ, એનટીએના અધિકૃત આદેશમાં કહેવામાં આવ્યું છે કે, કોવિડ-૧૯ સંબંધી હાલની સ્થિતિ અને પરીક્ષાર્થીઓ તથા પરીક્ષા સંબંધી પદાધિકારીઓની સૂચના તથા કુશળતા ધ્યાનમાં રાખતા જેઈઈ-મેન્સ એપ્રિલ સત્રને સ્થગિત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આદેશમાં કહેવામાં આવ્યું છે કે, સંશોધિત તારીખોની જાહેરાત બાદમાં અને પરીક્ષાની તારીખની ૧૫ દિવસ પહેલા કરવામાં આવશે.

# રાહુલ ગાંધીની બંગાળની રેલીઓ રદ્દ કરવાની જાહેરાત

નવી દિલ્હી, તા.૧૮

એક તરફ કોરોનાના કેસો વધી રહ્યા છે ત્યારે બીજી તરફ ચૂંટણી પ્રચારમાં ઉમટી રહેલી ભીડ સામે સવાલ ઉઠી રહ્યા છે. જેનો લાભ લઈને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ રવિવારે જાહેરાત કરી છે કે તેઓ પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલા ચૂંટણી પ્રચારમાં ચાલનારા પોતાના આગામી કાર્યક્રમો રદ્દ કરે છે. તેમણે આમ કરવા પાછળનું કારણ હાલની કોરોના સ્થિતિ ગણાવી છે. રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને લખ્યું છે કે, "હાલની કોરોના સ્થિતિને જોતા હું મારી તમામ પશ્ચિમ બંગાળના જાહેર રેલીઓના કાર્યક્રમો રદ્દ કરું છું. આગળ તેમણે એવું પણ લખ્યું છે કે, હું સલાહ આપવા માગુ છું કે અન્ય રાજકીય નેતાઓ પણ આ વિશે ઊંડાણથી વિચારે કે હાલની સ્થિતિમાં વિશાળ સભાઓ યોજવાનું શું પરિણામ આવી શકે છે. વડાપ્રધાન મોદીએ બંગાળમાં એક રેલીમાં લોકોને જોઈને કહ્યું હતું કે, તેમણે આટલી ભીડ પહેલીવાર જોઈ છે. જેના પર કટાક્ષ કરીને રાહુલ ગાંધીએ રવિવારે ટ્વિટ કરીને કહ્યું, બીમારો અને મૃતકોની આટલી ભીડ પહેલીવાર જોઈ છે. રાહુલ ગાંધીનો આરોપ છે કે મોદી સરકાર કોવિડ-૧૯ના કારણે ઉભી થયેલી સ્થિતિને સંભાળવામાં નિષ્ફળ થઈ રહી છે. ભારતમાં પાછલા ૨૪ કલાકમાં કોરોનાના વધુ ૨,૬૧,૫૦૦ નવા કેસ નોંધાયા છે. આ અત્યાર સુધીમાં એક દિવસમાં નોંધાયેલા સૌથી વધુ કેસ છે.

# નાસાનું હેલિકોપ્ટર ઈન્જેન્યૂટી મંગળ ગ્રહના વાતાવરણમાં ઉડાન ભરશે

મંગળ ગ્રહ પર જો બધું જ યોગ્ય રહ્યું તો નાસાનું હેલિકોપ્ટર ઈન્જેન્યૂટી સોમવારે ઉડાન ભરી શકે છે. આ હેલિકોપ્ટર મંગળ ગ્રહ પર જોરદાર ઠંડીનો સામનો કરી રહ્યું છે. નાસાએ આ અંગે જાણકારી આપતા કહ્યું કે, જો અમારો પ્લાન સફળ રહ્યો, તો સોમવારે આ ઐતિહાસિક ઉડાનને પાર પાડવામાં આવી શકે છે.પૃથ્વીની બહાર પહેલી વખત આ ઉડાન ભરવામાં આવશે. જેના પર દુનિયાભરના લોકોની નજર રહેલી છે. આ પહેલાં ૧૧ એપ્રિલે આ ઉડાન ભરવાની હતી, પરંતુ ટેકનિકલ ખામીને કારણે તેને ટાળી દેવામાં આવ્યું હતું.

### ટેલીફોનિક બેસણું



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી સ્વ. માણેકલાલ ખીમચંદભાઈ સોની

તા. ૧૭-૪-૨૦૨૧ને શનિવારના રોજ અક્ષરનિવાસી થયેલ છે.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સદ્‌ગતનું ટેલીફોનિક બેસણું તા. ૧૯-૪-૨૦૨૧ને સોમવારે સવારે ૯ થી ૧૧ કલાકે રાખેલ છે.

સંજયભાઈ માણેકલાલ સોની - ૯૮૨૫૩૩૬૬૬૩

રૂપેનભાઈ માણેકલાલ સોની - ૯૯૧૩૩૫૫૫૨૨

ફર્મ : રૂપકલા જ્વેલર્સ, રૂપકલા ધ સિલ્વર શોપ

### ટેલિફોનિક બેસણું




સ્વ. શૈલેષભાઈ ગોરધનભાઈ યાદવ

અમારા ભાઈ/ પિતાશ્રી સ્વ. શૈલેષભાઈ ગોરધનભાઈ યાદવનું તા. ૧૮-૦૪-૨૦૨૧ને રવિવારે દુ:ખદ અવસાન થયેલ છે. કોરોના કાળને ધ્યાનમાં રાખી સદ્‌ગતનું ટેલિફોનિક બેસણું તા. ૧૯-૦૪-૨૦૨૧ને સોમવારે સાંજે ૪ થી ૬ દરમ્યાન રાખેલ છે

નિવાસ સ્થાન : પ્લોટ નં. ૯૪૯/૧, સેક્ટર-૪(ડી), ગાંધીનગર

### દુ:ખદ અવસાન



સ્વ. નટવરલાલ રતિલાલ દરજી

તા. ૧૬-૪-૨૦૨૧ શુક્રવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સદ્‌ગતનું ટેલીફોનીક બેસણું તા. ૧૯-૪-૨૦૨૧ સોમવારના રોજ સવારે ૮:૩૦ થી ૧૧:૦૦ રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૯૫૭, શિવશક્તિ સોસાયટી, સેક્ટર-૨૭, ગાંધીનગર

લિ.

ગં.સ્વ. હસુમતિબેન નટવરલાલ દરજી ૯૮૨૫૮૫૪૩૪૧

છાયા રમેશકુમાર ટેઈલર ૯૯૦૯૨ ૩૭૮૩૮

ક્રીના શિરીષ સુતરીયા ૯૯૧૩૬ ૯૭૭૧૦

મહેન્દ્રભાઈ રતિલાલ દરજી (ભાઈ)

જગદીશભાઈ રતિલાલ દરજી (ભાઈ)

ઘનશ્યામભાઈ રતિલાલ દરજી (ભાઈ)

### ઝિયારત/બેસણું



અમારા મોટા ભાભી મર્હુમા જેમુબીબી દાદુભાઈ પરમાર ના તા.૧૮.૦૪.૨૦૨૧, રવીવાર ના રોજ જન્નત નશીન થયેલ છે.સદગતની ઝિયારત તથા બેસણું નીચે મુજબના સ્થળે અને સમયે રાખેલ છે.

| -: ઝિયારત :- | -: બેસણું :- |
| --- | --- |
| તા.૨૦.૦૪.૨૦૨૧ (મંગળવાર) | તા.૨૦.૦૪.૨૦૨૧ (મંગળવાર) |
| સમય : સવારે ૦૮:૩૦ કલાકે | સમય :સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| સ્થળ : મસ્જિદ-એ-શકીના, પેથાપુર. | સ્થળ : તરપોજ ચકલા, પેથાપુર. |

પરમાર યુસુફભાઈ ઈમામભાઈ (પૂર્વ ડે.મેયર ગાંધીનગર મહાનગર પાલીકા)

રોશનબેન યુસુફભાઈ પરમાર (કોર્પોરેટર - ગાંધીનગર મહાનગર પાલીકા)

હાજી ઈબ્રાહિમભાઈ ઈમામભાઈ પરમાર
દાદુભાઈ ઈમામભાઈ પરમાર
યાકુબભાઈ ઈમામભાઈ પરમાર
ઈકબાલભાઈ ઈમામભાઈ પરમાર
યુનુસભાઈ યુસુફભાઈ પરમાર
(પ્રમુખ-બયતુલમાલ, ગાંધીનગર)
(પ્રમુખ-સુન્ની મુસ્લિમ સમાજ, પેથાપુર)
મો.૯૯૭૯૦ ૦૬૭૮૬

બાબુભાઈ ગુલાબભાઈ પરમાર
યુસુફભાઈ સવાઈભાઈ પરમાર
કાલુભાઈ ઉમેદભાઈ પરમાર
સીરાજભાઈ ફકીરભાઈ પરમાર
આરીફભાઈ હાજીઈબ્રાહિમભાઈ પરમાર
ફિરોજભાઈ દાદુભાઈ પરમાર
સમીરભાઈ યાકુબભાઈ પરમાર
સાજીદભાઈ ઈકબાલભાઈ પરમાર

સમસ્ત પરમાર પરીવાર

### શ્રદ્ધાંજલિ



સ્વ. ભૂપેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પટેલ
સ્વર્ગવાસ તા. ૧૪-૪-૨૦૨૧

અમારા પરિવારના મોભી ભૂપેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પટેલનું તા. ૧૪-૪-૨૦૨૧ના રોજ નિધન થયેલ છે. સદ્‌ગતના નિધનથી પરિવાર ઉપર ઘેરા શોકની લાગણી પ્રસરી છે. અમારું મન હજુ તેમની વિદાયને માનતું નથી. છતાં ઈશ્વરને ગમ્યુ તે ખરું... સદ્‌ગતના આત્માને શાંતિ માટે પરમાત્માને પ્રાર્થના સહ... ભાવભિની અંજલી...

રાકેશ ભૂપેન્દ્રભાઈ પટેલ (પુત્ર)
અવિશ રાકેશભાઈ પટેલ (પૌત્ર)
મોનલ રાકેશભાઈ પટેલ (પૌત્રી)

કમળાબેન ભૂપેન્દ્રભાઈ પટેલ (પત્ની)
રીટા રાકેશભાઈ પટેલ (પૂત્રવધુ)